# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ :૨૪-૦૯-૨૦૧૭ સમય : સાંજે : ૭.૧૦ – ૭.૨૦
વાર : રવિવાર

આકાશવાણી અમદાવાદ – વડોદરા પ્રાદેશિક સમાચાર શિવાંગી ભટ્ટ વાંચે છે.

---

- રાજય સરકાર મણદીઠ ૯૦૦ રૂપિયાના ટેકાના ભાવે મગફળી ખરીદશે. આ ઉપરાંત અડદ, તુવેર અને કપાસની પણ લાભ પાંચમથી નાફેડ, ગ્રોફેડ અને ગુજકોમાસોલ ખરીદી કરશે.
- સ્વચ્છતા એ સામુહિક ઝુંબેશ બની છે તેમ જણાવતાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં લોકોને સંબોધન કર્યુ.
- પાટીદાર અનામત આંદોલન અંગે ચર્ચા કરવા રાજય સરકાર સાથે આવતીકાલે સમાજના અગ્રણીઓની બેઠક યોજાશે.
- આ વર્ષનો નરસિંહ મહેતા એવોર્ડ કવિશ્રી ગુલામ મહોમ્મદ શેખ અને કવિશ્રી દલપત પઢિયારને એનાયત કરાશે.
- સુરતના સીમાડા રોડ પાસે બીજી ડીસેમ્બરથી વીર જવાનોના કલ્યાણ માટે રામકથા યોજાશે.

---

ન્યુઝ બ્રેક - આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ-વડોદરા પરથી સાંભળી રહ્યા છો
સમાચારને અંતે આકાશવાણી-અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા

# મગફળી

મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ ગુજરાતના મગફળી પકવતા ખેડુતોના હિતમાં એક મહત્વપુર્ણ ઐતિહાસિક નિર્ણય લઈને આગામી લાભ પાંચમ - પચ્ચીસ ઓકટોબરથી મણદીઠ ૯૦૦ રૂપિયાના ટેકાના ભાવે સરકાર મગફળી ખરીદશે તેવી જાહેરાત કરી છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ આ અંગેની ઘોષણા કરતા કહયું કે આ વર્ષે રાજયમાં ખુબ સારો વરસાદ થતાં તે ખેડુતો માટે ૧૬ આની એટલે કે ૧૦૦ ટકા લાભદાયી નિવડયો છે. આના પરીણામે રાજયમાં વિપુલ પ્રમાણમાં મગફળી, અડદ, તુવેરદાળ, કપાસ જેવા પાકોનું ઉત્પાદન થયું છે.

હાલ મગફળીનો મણદીઠ ખરીદ ભાવ ૬૦૦ થી ૬૫૦ રૂપિયા ચાલે છે તે સામે રાજય સરકાર ૯૦૦ રૂપિયે મણ દીઠ ખરીદી કરશે. ૨૦૧૬-૧૭ ના વર્ષમાં એક લાખ ૯ હજાર ૫૮ ખેડુતોએ બે લાખ ઉપરાંત મેટ્રીક ટન મગફળી ૮૮૯ કરોડ ૨૯ લાખ ટેકાના ભાવે ખરીદી હતી. ખેડુતોને ૧૭૫ કરોડ ૨૪ લાખ રૂપિયાનો ફાયદો આ ટેકાના ભાવે ખરીદી કરતા થયો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આ વર્ષે અંદાજે ૩૨ લાખ મેટ્રીક ટન મગફળી થવાનો અંદાજ છે તેથી ખેડુતોને અંદાજે ૫૦૦ કરોડ જેટલી વધારાની રકમ મળવાની છે. રાજય સરકાર અડદ, તુવેર, કપાસ વગેરેની પણ ટેકાના ભાવે ખરીદી કરવાની છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે મગફળીનો ટેકાનો ભાવ પ્રતિ કવીન્ટલ ૪ હજાર ૨૨૦ હતો તે વધારીને આ વર્ષે ૪૫૦૦ કરવામાં આવ્યો છે. તુવેરનો ભાવ પાંચ હજાર ૪૫૦, અડદના પાંચ હજાર ૪૦૦ અને મગના પાંચ હજાર ૫૭૫ રૂપિયા કરવામાં આવ્યા છે.

તેમણે કહયું કે આ વર્ષે સારા વરસાદ, ભેજવાળુ વાતાવરણ વગેરેને પરીણામે રાજયમાં ૩૨ લાખ મેટ્રીક ટન મગફળી, ત્રણ લાખ ૨૧ હજાર ટન તુવેર, ૬૩ હજાર ટન મગ અને ૮૩ હજાર ટન અડદ તેમજ ૭૩ લાખ ગાંસડી કપાસના ઉત્પાદનનો અંદાજ છે.

આ ખરીદી નાફેડ, ગ્રોફેડ અને ગુજકોમાસોલ સહિતના ૧૦૬ કેન્દ્રો પરથી કરવામાં આવશે. તેમણે કહયું કે સાચો ખેડુત વંચિત ન રહે, વચેટીયાઓનો ભોગ ન બને તે માટે ખેડુતોનું રજીસ્ટ્રેશન ઓનલાઈન કરાશે અને ખેડુતોને એસ.એમ.એસ. થી જાણ પણ કરવામાં આવશે.

આ ઉપરાંત ખેડુતોને આ નાણાં સમયસર અને પારદર્શી પધ્ધતિએ મળી રહે એ માટે ખેડુતના બેંક એકાઉન્ટમાં એક સપ્તાહમાં જમા આપી દેવાશે. ખેડુતે જમીન દસ્તાવેજ, ૭-૧૨, ૮-અ, પોતાનો બેંક ખાતા નંબર, આધાર કાર્ડ નંબર વગેરે પણ રજુ કરે તે આવશ્યક છે.

# મન કી બાત-૧

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે સ્વચ્છતા એ સામુહિક ઝુંબેશ બની છે. આકાશવાણી મારફતે મન કી બાત કાર્યક્રમમાં લોકોને સંબોધનમાં શ્રી મોદીએ જણાવ્યું કે જાહેર સ્થળોએ લોકોમાં સ્વચ્છતા માટેનો અભિગમ બંધાયો છે.

સંકલ્પથી સિધ્ધ કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છતા ઝુંબેશ વ્યાપક બની છે અને સ્વચ્છતા એ જ સેવા ઝુંબેશમાં ૭૫ લાખ ઉપરાંત લોકો જોડાયા છે અને ૪૦ હજારથી વધુ સ્થળો પર સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

( બાઈટ-૧ )

પ્રધાનમંત્રીએ કહયું કે ઓકટોબર મહિનો એ મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલ જેવા નેતાઓની સ્મૃતિને મહિમા ધરાવે છે. તેમણે શ્રી લાલ બહાદુર શાસ્ત્રી તથા જય પ્રકાશ નારાયણ, વાનાજી દેશમુખ, પંડીત દીન દયાળ ઉપાધ્યાય જેવા નેતાઓને યાદ કર્યા હતા. શ્રી મોદીએ આગામી ૩૧ ઓકટોબરે એકતા દોડના આયોજનની પણ જાહેરાત કરી છે. વિવિધતામાં એકતાના સુત્રને સાકાર કરવા સૌ નાગરિકોને તેમાં જોડાવા તેમણે આહવાન કર્યુ છે.

પ્રધાનમંત્રીએ કહયું કે પ્રવાસન મુલ્ય વૃધ્ધિ ત્યારે થશે જયારે લોકો એક પ્રવાસી તરીકે નહિ પણ વિદ્યાર્થી તરીકે પ્રવાસ કરશે. તેમણે પોતાનો જાત અનુભવ રજુ કરતા જણાવ્યું કે દેશના પાંચસો જિલ્લાઓની લીધેલી મુલાકાતોનો અનુભવ અત્યારે તેમને પ્રધાનમંત્રીની જવાબદારી સુપેરે નીભાવવામાં ખુબ મદદરૂપ સાબીત થયો છે. તેમણે લોકોને પોતાના અનુભવો અને ફોટોગ્રાફસ માય જીઓવી અને નરેન્દ્ર મોદી એપ ઉપર હેશટેગ ઈન્ક્રેડીબલ ઈન્ડિયા પર વહેંચવા અનુરોધ કર્યો હતો.

# મન કી બાત-૨

આ પ્રસંગે શ્રી મોદીએ લેફટનન્ટ સ્વાતી મહાદીક અને નીધી દુબે કે જેઓ તાજેતરમાં જ ભારતીય સેનામાં જોડાયા છે તેમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહયું કે સ્વર્ગીય કર્નલ સંતોષ મહાદીક અને સ્વર્ગીય નાયબ મુકેશ દુબેએ દેશ માટે બલિદાન આપ્યું હતું અને હવે તેમની પત્નીઓ સ્વાતી મહાદિક અને નીધી દુબેએ અનેક મુશ્કેલીઓ છતાં ભારતીય સેનામાં જોડાઈને દ્રઢનિશ્ચય અને દેશભકિતનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયું છે.

મન કી બાત કાર્યક્રમના ત્રણ વર્ષ પુરા થવાના ઉપલક્ષ્યમાં શ્રી મોદીએ કહયું કે તેનાથી તેમને દેશની વિવિધ લાગણીઓ અને હકારાત્મક ઉર્જા સાથે જોડાવાની અનન્ય તક મળી છે.

વારાણસીના સેવાપુરી ખાદી આશ્રમનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે તે ૨૬ વર્ષો પછી નવી રોજગારીની તકો સાથે ફરી ખુલ્યો છે. મન કી બાત કાર્યક્રમમાં દીકરી સાથે સેલ્ફીનો સંદર્ભ ભારતમાં જ નહિ પરંતુ સમગ્ર વિશ્વમાં વ્યાપક બન્યો છે. નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે શ્રી મોદીએ લોકોને શુભેચ્છા પાઠવી અને માં શકિતને પ્રાર્થના કરી કે દેશ નવી ઉંચાઈઓને પ્રાપ્ત કરે.

# ગુજરાત ભવન

મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી આવતીકાલે સવારે નવી દિલ્હીમાં અકબર રોડ પર સાત હજાર છાસઠ ચોરસ મીટર જમીનમાં નિર્માણ પામનારા નવા ગુજરાત ભવનનું ભૂમિપુજન કરશે. આ નવુ નિર્માણ થનારૂ ગુજરાત ભવન કેન્દ્ર સરકારના મંત્રાલયો અને સંસદ ભવનની નજીક રહેશે. ગુજરાત સરકારે નવુ ભવન બાંધવા કેન્દ્ર સરકાર પાસે જમીન ફાળવવા અગાઉ વખતો વખત કરેલી રજુઆતનો પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ સત્તા સંભાળતા જ સ્વીકાર કરીને રાજધાનીમાં ૨૫-બી અકબર રોડ પર જમીન ફાળવી આપી છે. આ નવા ગુજરાત ભવનની ભૂમિપુજન વિધિમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતીનભાઈ પટેલ, વિધાનસભા અધ્યક્ષ શ્રી રમણભાઈ વોરા, પુર્વ મુખ્યમંત્રી શ્રીમતી

આનંદીબેન પટેલ અને કેન્દ્ર સરકારમાં ગુજરાતના મંત્રીશ્રીઓ પણ ઉપસ્થિત રહેશે. ૬૯ રૂમ્સ બેઠક રૂમ સહિતની આધુનિક સુવિધા સાથેનું આ ગુજરાત ભવન ૧૮ માસમાં તૈયાર થશે.

# પાટીદાર

પાટીદાર અનામત આંદોલન અંગે ચર્ચા કરવા રાજ્ય સરકારે આવતી કાલે સમાજના અગ્રણીઓની બેઠક ગાંધીનગરમાં બોલાવી છે.

પાટીદાર આંદોલનના કન્વીનર સહિત ૧૧૦૦ જેટલા આગેવાનોને તેમાં જોડાવામાં આવ્યા છે. પાટીદાર સમાજની છ જેટલી સંસ્થાઓ ઉમિયા માતાજી ટ્રસ્ટ – ઉંઝા, ખોડલધામ ટ્રસ્ટ – કાગવડ, રાજકોટ ઉમિયા માતા મંદિર – સિદસર સમસ્ત પાટીદાર સમાજ – સુરત, શ્રી સરદાર ધામ - અમદાવાદ અને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અમદાવાદના અગ્રણીઓ પણ તેમાં હાજર રહેશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિન પટેલે આ માહિતી આપી હતી. પાટીદાર સમાજના અગ્રણીઓ દ્વારા વાટાઘાટો કરવા માટે કરાયેલી રજુઆતના પગલે આવતીકાલે બેઠક યોજવામાં આવી છે.

# નરસિંહ મહેતા

વર્ષ ૨૦૧૭ માટે ગુજરાતી કાવ્યક્ષેત્રે અદકેરૂ પ્રદાન કરનાર બે સર્જકોને પ્રતિષ્ઠીત નરસિંહ મહેતા એવોર્ડ એનાયત કરાશે. ૨૩મો નરસિંહ મહેતા એવોર્ડ કવિશ્રી ગુલામ મહોમ્મદ શેખને અને ૨૪મો નરસિંહ મહેતા એવોર્ડ કવિશ્રી દલપત પઢિયારને એનાયત થશે. આગામી શરદ પુર્ણિમા – તારીખ પાંચ ઓકટોબરના રોજ ગીરનારની ગોદમાં રૂપાયતના પ્રાકૃતિક પરિસરમાં પુજય મોરારીબાપુના વરદહસ્તે આ બંને કવિઓનું સન્માન કરાશે. પ્રત્યેક કવિને એક લાખ એકાવન હજાર રૂપિયાની સન્માન રાશિ અને આદ્યકવિ નરસિંહ મહેતાની ધાતુની પ્રતિમાનો એવોર્ડ એનાયત થશે. આ પ્રસંગે બંને કવિઓ કાવ્યપાઠ કરશે. આ પ્રસંગે સાહિત્યજગતના વિદ્વતજનો ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્યનિધિ ટ્રસ્ટ દ્વારા પ્રતિવર્ષ ગુજરાતી સાહિત્યના શ્રેષ્ઠ અને સત્વશલિ કવિને આ એવોર્ડ અર્પણ કરવામાં આવે છે.

## કર્ણભૂમિ

સુરતના સીમાડા રોડ પાસે વીર જવાનો માટે પૂજય મોરારી બાપુની કથાનું આયોજન કરવામાં આવ્યું છે. કથા સ્થળની પસંદગી કરીને ત્યાં ભૂમિપુજન કરવામાં આવ્યું છે. આ સ્થળને કર્ણભૂમિ નામ આપવામાં આવ્યું છે. બીજી ડીસેમ્બરથી વીર જવાનોના કલ્યાણ માટે આ રામકથા યોજવામાં આવી છે. આ પ્રસંગે બે જ કલાકમાં નવ કરોડ રૂપિયાનું દાન જાહેર કરાયું છે. તેમાં હીરા બજારના અગ્રણી ઉદ્યોગપતિઓ ઉપરાંત કારખાનામાં કામ કરતા રત્ન કલાકારો પણ છે. તેમણે એક દિવસનો પગાર જવાનોના પરિવારજનો માટે આપવાની જાહેરાત કરી છે.

પાટીદાર સમાજના અગ્રણીશ્રી નાનુભાઈ સાવલિયાના સંકલ્પથી આ રામકથા યોજાઈ છે.